સારાંશ

# અન્ન સુરક્ષા અને ગરીબી ઉન્મુલનના સંદર્ભમાં ટકાઉ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ માટેની સ્વૈચ્છિક માર્ગદર્શિકા



પ્રકાશીત
**ઇન્ટરનેશનલ કલેકટીવ ઇન સપોર્ટ ઓફ ફીશ વર્કર્સ (ICSF)**
૨૭ કોલેજ રોડ ચેન્નાઈ ૬૦૦ ૦૦૬
ભારત

ફોન : (૯૧) ૪૪ – ૨૮૨૭૫૩૦૩
ફેક્સ : (૯૧) ૪૪ – ૨૮૨૫૪૪૫૭
ઇ-મેલ: icsf@icsf.net
વેબ સાઈટ: www.icsf.net

આઈ.સી.એસ.એફ. એક આંતર્રાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થા છે જે દુનિયાભરમાં માછીમાર લોકોના મુદ્દે કાર્ય કરે છે. તે યુનાઇટેડ નેશન્સની આર્થિક અને સામાજિક બાબતોને લગતી કાઉન્સીલની સમકક્ષ છે અને આઈ.એલ.ઓ.ની ખાસ યાદીમાં બિન-સરકારી આંતર્રાષ્ટ્રીય સંસ્થા તરીકે નોંધાયેલ છે. તે એફ.એ..ઓ. સાથે પણ સંપર્કમાં છે. વૈશ્વિક સ્તરે સામુદાયિક આયોજકો, શિક્ષકો, ટેકનીશ્યનો, સંશોધકો અને વૈજ્ઞાનિકોના નેટવર્ક તરીકે આઈ.સી.એસ.એફ.નું કાર્ય દેખરેખ અને સંશોધન, એક્ષ્ચેન્જ અને તાલીમ, ઝુંબેશ અને કાર્યવાહી અને સમુદાયને આવરી લે છે.

સહાયક :
**બે ઓફ બેંગાલ લાર્જ મરાઈન ઈકોસિસ્ટમ પ્રોજેક્ટ (BOBLME )**

કુકેત, થાઈલેન્ડ
બાંગ્લાદેશ, ભારત, ઇન્ડોનેશિયા, મલેશિયા, માલ્ડીવ્સ, મ્યન્મ્માર, શ્રીલંકા અને થાઈલેન્ડ બે ઓફ બેંગાલ લાર્જ મરાઈન ઈકોસિસ્ટમ પ્રોજેક્ટ (BOBLME )ના સહયોગથી. બંગાળના અખાતનું પર્યાવરણ અને તેના મત્સ્ય ઉદ્યોગના સ્થાનિક વ્યવસ્થાપનમાં સુધારો કરી તેમના કાંઠા વિસ્તારના લોકોના જીવનમાં સુધાર લાવવાના પ્રયત્નો કરે છે.

**૨૦૧૫**

મુદ્રણ:
**એલ.એસ.ગ્રાફિક પ્રિન્ટ**
#૧૩, સ્વામી નાઈકન સ્ટ્રીટ,
ચીન્તાદ્રીપેત,
ચેન્નાઈ ૬૦૦ ૦૦૨.

ઉદાહરણ અને ડીઝાઇન – અર્જુન શંકર

ISBN 978 93 80802 53 4

સારાંશ

# ખાદ્ય સુરક્ષા અને ગરીબી ઉન્મુલનના સંદર્ભમાં ટકાઉ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ માટેની સ્વૈચ્છિક માર્ગદર્શિકા

ખાદ્ય સુરક્ષા અને ગરીબી ઉન્મુલનના સંદર્ભમાં ટકાઉ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ માટેની સ્વૈચ્છિક માર્ગદર્શિકાને (એસ.એસ.એફ. માર્ગદર્શિકા) યુનાઇટેડ નેશન્સના અન્ન અને ખેતી સંસ્થાનનાં સભ્યો દ્વારા જુન ૨૦૧૪માં સ્વીકાર કરી આંતર્રાષ્ટ્રીય સાધન તરીકે સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી.

એસ.એસ.એફ. માર્ગદર્શિકા ખાસ છે કારણ કે તે વૈશ્વિક સ્તરે નાના-પાયાના માછીમાર સમુદાય દ્વારા તેઓના દેશમાં બહોળા સ્તરે પોતાની ઓળખ અને ભૂમિકાની માન્યતા મેળવવા માટેના લાંબા સંઘર્ષના ફળસ્વરૂપે બની છે.

સમગ્ર વિશ્વમાં, નાના-પાયે કામ કરતા માછીમાર લોકો મત્સ્ય અર્થવ્યવસ્થાનો પાયો હોવા છતાં, મત્સ્ય ઉદ્યોગના આધુનીકરણની પ્રક્રિયામાં તેઓની અવહેલના કરવામાં આવે છે અને ઘણી વખત તેઓ સાથે ભેદભાવ કરવામાં આવે છે. અવહેલના થવા છતાય, આ ક્ષેત્ર જીવિત રહ્યું છે અને મહત્તમ દેશોમાં ગતિશીલ રહ્યું છે.

નાના-પાયે કામ કરતું માંછીકાર સમુદાય પકડાયેલ કુલ માછલીઓના મહત્તમ ભાગમાં ફાળો આપતો હોવા છતાં, ઘણા દેશોમાં, દસકાઓની “સત્તાવાર – અવહેલના” ના ફળસ્વરૂપે ગરીબ અને છેવાડાનું જીવન જીવે છે અને તેઓ પોતાના સામાજિક – આર્થિક અને સંસ્કૃતિક માનવ અધિકારોથી વંચિત રહે છે.

એસ.એસ.એફ. માર્ગદર્શિકા નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગની આ હકીકતને એફ.એં.ઓ. સભ્ય દેશો દ્વારા માન્યતા અપાવે છે અને સાથે જ તે નાના- પાયાના મત્સ્ય ઉદ્યોગને મત્સ્ય ઉદ્યોગના વિકાસ અને વ્યવસ્થાપનના મુખ્ય બિંદુ તરીકે પુનઃસ્થાપિત કરવા પ્રયત્નો પણ કરે છે.

ધી ઇન્ટરનેશનલ કલેકટીવ ઇન સપોર્ટ ઓફ ફીશ વર્કર (ICSF) એક અગ્રણી સામાજિક સંસ્થા છે જેને આ માર્ગદર્શિકા બનાવવાની પ્રક્રિયાને એક સહભાગી પ્રક્રિયા બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. હકીકતમાં, આ માર્ગદર્શિકા એફ.એ.ઓ./યુ/એન. દ્વારા સત્તાવાર રીતે ICSFના એક્ઝીક્યુટીવ સેક્રેટરી ચંદ્રિકા શર્માને સમર્પિત કરવામાં આવી છે કે જે દુનિયાભરમાં નાના-પાયાના માછીમાર સમુદાયના હક્કો માટેના સર્વવિજેતા હતા. તેઓ ૨૦૧૪માં મલેશ્યન એરલાઈન MH 370ના ખોવાયાના દિવસથી મળી આવ્યા નથી; તેઓ આ માર્ગદર્શિકા માટે ટેકો મેળવવા મંગોલિયામાં એફ.એ.ઓ.ના કોન્ફરન્સમાં ભાગ લેવા જઈ રહ્યા હતા.

આ માર્ગદર્શિકામાં ૧૦૦ ફકરા છે જે ૧૩ વિભાગોમાં વિસ્તરાયેલ છે. આ દસ્તાવેજ માર્ગદર્શિકાનો ટૂંક સાર છે. તે આઈ.સી.એફ.એસ.ના સ્થાપક સભ્ય જોન કુરિયન દ્વારા રજુ કરવામાં આવ્યું કે જેઓએ પાછલા ચાર દાયકાઓથી નાના-પાયાના માછીમાર સમુદાય સાથે દુનિયાના ઘણા ભાગોમાં કામ કર્યું છે, ખાસ કરીને ભારતના કેરળ રાજ્યમાં.

# પ્રસ્તાવના

એસ.એસ.એફ. માર્ગદર્શિકા ૧૯૯૫ની એફ.એ.ઓ.ની જવાબદાર મત્સ્ય ઉદ્યોગ આચાર સંહિતાને બિરદાવવા માટે રચવામાં આવી. તે નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને સંબોધે છે અને પુરુષ અને મહિલા દ્વારા હાથ ધરાતી દરેક પ્રવૃત્તિને આવરી લે છે. નાના-પાયાનો મત્સ્ય ઉદ્યોગ સમગ્ર વિશ્વમાં પકડાયેલ માછલીમાં અડધા ભાગનો ફાળો આપે છે અને ૯૦ ટકા માછલી પકડનાર અને માછીમાર લોકોને આવરે છે. નાના-પાયાનો મત્સ્ય ઉદ્યોગ અને માછીમાર સમુદાય વિવિધતાસભર અને ગતિશીલ પેટા ક્ષેત્ર રજુ કરે છે જે તેમની જગ્યાના આધીન એક ખાસ લાક્ષણિકતા ધરાવે છે. તે સામાન્ય રીતે કુટુંબીક સાહસો હોય છે, જે મજબુત રીતે સ્થાનિક સમુદાયના મૂળમાં રહેલું હોય છે. તેઓ છેવાડાનું જીવન વ્યતીત કરે છે. નાના-પાયાના માછીમાર સમુદાયમાં ગરીબી બહુપરીમાણીય હોય છે. નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગના ફાળાને વધારવું અને સુરક્ષિત કરવું ઘણું પડકાર રૂપી અને અડચણ ભર્યું છે. આ માર્ગદર્શિકા એક અનન્ય, સહભાગી અને સલાહ - મસલતની પ્રક્રિયાના ભાગ રૂપે તૈયાર કરવામાં આવી છે. તે આંતર્રાષ્ટ્રીય માનવ-અધિકારો સાથે સુસંગત છે અને તેને પ્રોત્સાહન આપે છે.




# ૧. હેતુઓ

એસ.એસ.એફ. માર્ગદર્શિકાનો હેતુ છે કે નાના-પાયાનો મત્સ્ય ઉદ્યોગ :

- વૈશ્વિક અન્ન સુરક્ષામાં વધારો કરશે;
- સંપૂર્ણ ગ્રહના સામાજિક અને આર્થિક ભવિષ્યમાં તેના ફાળાને પ્રોત્સાહન આપશે;
- માછીમાર લોકોની સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં સુધાર લાવવા ફાળો આપશે; અને
- મત્સ્ય સાધન-સંપત્તિનો ટકાઉ ઉપયોગ મેળવશે.

આ પ્રક્રિયામાં, માર્ગદર્શિકા દ્વારા નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગની ભૂમિકા, ફાળો અને તેની ક્ષમતા વિષે લોગ જાગૃતિમાં વધારો થવો જોઈએ.

આ હેતુઓ માનવ અધિકાર લક્ષી અભિગમના પ્રોત્સાહન દ્વારા મેળવવા જોઈએ. નાના-પાયાના માછીમાર સમુદાયનું સશક્તિકરણ કરવું જોઈએ જેથી તે નિર્ણય-પ્રક્રિયાઓમાં ભાગીદાર બને અને મત્સ્ય સાધન સંપત્તિના ટકાઉ વપરાશની જવાબદારી સ્વીકારે. આ માર્ગદર્શિકામાં વિકાસશીલ દેશો અને નિર્બળ અને છેવાડાના નાના-પાયાના માછીમાર સમુદાયના હિત અને લાભની જરૂરિયાતો ઉપર વધારે ભાર આપવામાં આવ્યો છે.



## ૨. પ્રકાર અને કાર્ય ક્ષેત્ર

એ.સ.એસ.એફ. માર્ગદર્શિકા કાર્યક્ષેત્રનાં સંદર્ભમાં સ્વૈચ્છિક અને વૈશ્વિક છે, જે વિકાશશીલ દેશો ઉપર ભાર આપે છે. તે દરિયાઈ અને અંતર્દેશીય જળચર પાણીમાં મત્સ્ય ઉદ્યોગ સંબંધી દરેક પ્રવૃત્તિને આવરી લે છે. તે મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલ દરેક હિત ધારક- રાજ્ય, આંતરાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રને સંબોધે છે. તે નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગની વિવિધતાને સ્વીકારે છે અને તે માને છે કે તેમને વર્ણવા કોઈ એક પરિભાષા ન હોય શકે. આ માર્ગદર્શિકાના નેજા હેઠળ - રાજ્યોએ, સહભાગી અને પારદર્શક પ્રક્રિયા થકી નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને પરિભાષિત કરવું જોઈએ – અને તેમાં સંકળાયેલ સહુથી નિર્બળ લોકોની ઓળખ કરવી જોઈએ કારણ કે આ માર્ગદર્શિકા તેઓ માટે સહુથી વધારે યથાર્થ છે. આ માર્ગદર્શિકાનું અર્થઘટન અને ઉપયોગ રાષ્ટ્રીય ન્યાય પ્રણાલી અને સંસ્થાઓ સાથે સુસંગત થાય એ રીતે કરવું જોઈએ.



## ૩. માર્ગદર્શક સિદ્ધાંતો

નિર્બળ અને છેવાડાના સમૂહો અને અન્ન સુરક્ષાના અધિકારના પ્રગતિશીલ પ્રાપ્તિકરણને  સમર્થનની જરૂરિયાતને ધ્યાને લેતા આ માર્ગદર્શિકા ૧૩ માર્ગદર્શક સિદ્ધાંતો ઉપર આધારિત છે. તે આંતર્રાષ્ટ્રીય માનવ-અધિકારો, જવાબદાર મત્સ્ય ઉદ્યોગના માપદંડો અને ટકાઉ વિકાસશીલ ચલણ ઉપર આધાર રાખે છે.

આ સિદ્ધાંતોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:

૧. માનવ અધિકાર અને ગૌરવ;

૨. સંસ્કૃતિઓનું સમ્માન;

૩. ભેદભાવ ન કરવો;

૪. લિંગ આધારિત સમાનતા અને નિષ્પક્ષતા;

૫. સમાનતા અને નિષ્પક્ષતા;

૬. પરામર્શ અને સહભાગિતા;

૭. કાયદા વ્યવસ્થા;

૮. પારદર્શિતા;

૯. જવાબદારી;

૧૦. આર્થીક, સામાજિક અને પર્યાવરણીય સ્થિરતા;

૧૧. સર્વગ્રાહી અને સંકલિત અભિગમ;

૧૨. સામાજિક જવાબદારી;

૧૩. શક્યતા અને સામાજિક અને આર્થિક સદ્ધરતા.

# ૪. અન્ય આંતર્રાષ્ટ્રીય સાધનો સાથે સંબંધ

એસ.એસ.એફ. માર્ગદર્શિકાનું અર્થઘટન અને અનુકરણ રાષ્ટ્રીય અને આંતર્રાષ્ટ્રીય કાયદા અને સ્થાનિક અને આંતર્રાષ્ટ્રીય કરારો હેઠળની સ્વૈચ્છિક જવાબદારીઓ, અધિકારો અને પ્રતિબદ્ધતાના અનુસંધાનમાં થવું જોઈએ.

માર્ગદર્શિકાનો ઉપયોગ નવા સુધારા અને નવા પુરક કાયદાઓ અને નિયમોની જોગવાઈ કરવા માટે થઇ શકે છે. તેમ છતાં, માર્ગદર્શિકાને આંતર્રાષ્ટ્રીય કાયદા હેઠળ રાજ્યના અધિકારો અને પ્રતિબદ્ધતાને સીમિત કરવા અથવા તેની ઉપેક્ષા કરવાની રીતે ન વાંચવું.



## ૫. નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગમાં ભોગવટાના અધિકારનું નિયંત્રણ અને સંશાધન વ્યવસ્થાપન

### ક. ભોગવટાના અધિકારનું જવાબદારીપૂર્વક નિયંત્રણ

નાના-પાયાના માછીમાર સમુદાયના માનવ અધિકાર અને સામાજિક-આર્થિક અને સંસ્કૃતિક વિકાસ માટે યોગ્ય સંશાધનના ભોગવટાના અધિકારનું જવાબદારીપૂર્વક નિયંત્રણ મુખ્ય થઇ રહે છે. નાના-પાયાના માછીમાર સમુદાયને સંરક્ષિત, ન્યાયોચિત અને સામાજિક-સંસ્કૃતિક રીતે યોગ્ય મત્સ્ય સંશાધન, માછલી પકડવાનો વિસ્તાર અને તેના પાસેની જમીન અને જંગલના ભોગવટા માટેનો અધિકાર હોવો જોઈએ. મહિલાઓના ભોગવટાના અધિકારને ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ. દરેક પ્રકારના કાયદેસરના ભોગવટાના અધિકારને ઓળખી, નોંધણી કરી, સમ્માન અપાવું જોઈએ. આ કાર્યને, જરૂર જણાય કાયદાની રચના કરી કરવું જોઈએ જેમાં જળચર સાધનો સંબંધી સ્વદેશી લોકો અને સ્થાનિક વંશીય લઘુમતી સમુદાયના પરંપરાગત અને પસંદગીના હક્કોને ધ્યાને લેવા જોઈએ. સંજોગો કે જ્યાં કાયદાકીય સુધારાઓ કરી મહિલાઓને અધિકારો આપવામાં આવ્યા છે, ને પારંપરિક ભોગવટાની પ્રણાલીમાં યોગ્ય રીતે સમાવિષ્ટ કરવું જોઈએ. સ્થાનિક જળચર અને કાંઠા વિસ્તારના ઇકોસીસ્ટમના પુનઃસ્થાપન, સંરક્ષણ, રક્ષણ અને સહ-વ્યવસ્થાપન માટે નાના-પાયાના માછીમાર સમુદાયની ભૂમિકાને માન્યતા મળવી જોઈએ. જયારે જમીન અને જળ સંશાધન રાજ્ય દ્વારા નિયંત્રિત હોય, સામાજિક- આર્થિક અને પર્યાવરણીય હેતુઓને ધ્યાને રાખી તેઓના ભોગવટાના અધિકારને માન્યતા મળવી જોઈએ, ખાસ કરીને જયારે નાના-પાયાના માછીમાર સમુદાય આ સશાધનોનો સહયારી રીતે વપરાશ અને વ્યવસ્થાપન કરતું હોય.

જવાબદાર મત્સ્ય ઉદ્યોગ આચાર સંહિતામાં જણાવવામાં આવ્યું છે કે (અનુચ્છેદ ૬.૧૮) નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને રાષ્ટ્રીય જળ વિસ્તારમાં પ્રાથમિકતા આપવી. આ વાત ઉપર આધાર રાખી રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ માટે વિશિષ્ટ ક્ષેત્ર જાહેર કરવા જેવા પગલા લેવા. ત્રીજા પક્ષકારને સંશાધન ઉપર હક્ક આપતા કરાર કરતા પહેલા, નાના-પાયાના માછીમાર સમુદાયના આવા વિસ્તાર ઉપરના હક્કોને પ્રાથમિકતા આપવી.

નાના-પાયાના મત્સ્ય ઉધોગ વિસ્તાર માટે અન્ય વપરાશકર્તા દ્વારા વધારે સ્પર્ધા કરાઈ રહી છે, જેથી મતભેદ ઉત્પન્ન થાય છે. રાજ્ય એ બાહેધરી આપવી જોઈએ કે જેથી નાના-પાયાના માછીમાર સમુદાયને ખાસ સહાય અપાય અને તેઓને મનસ્વી રીતે ખદેડી ન મુકાય અથવા તેમના કાયદેસરના ભોગવટાના અધિકારનો ઉલ્લઘન ન થાય અથવા દુર ન કરી દેવાય. મોટા પાયાના વિકાસ કર્યો હાથ ધરતા પહેલા, રાજ્ય અને અન્ય પક્ષકારોએ નાના-પાયાના માછીમાર સમુદાય ઉપર થતી અસર વિષે અભ્યાસ અને ચર્ચા-વિચારણા હાથ ધરવી જોઈએ.

નાના-પાયાના માછીમાર સમુદાયના ભોગવટાના અધિકારને લગતા મતભેદોનાના કિસ્સામાં રાજ્ય દ્વારા સમયસર, વ્યાજબી અને અસરકારક રીતે નિકાલ લાવવો જોઈએ. જેમાં પુનઃ સ્થાપન , ક્ષતિપૂર્તિ, યોગ્ય વળતર અને બાહેધરી આપવા જેવા કાયદાકીય ઉપાયોનું ત્વરિત પાલન થવું જોઈએ.

કુદરતી આપદા અને સશસ્ત્ર સંઘર્ષના કારણે થતા વિસ્થાપનના કારણે નાના-પાયાના માછીમાર સમુદાયોને ઘણી અસર થઇ રહી છે. રાજ્ય દ્વારા મત્સ્ય સંશાધનની સ્થિરતાને ધ્યાને રાખી પારંપરિક મત્સ્ય ક્ષેત્ર અને કાંઠા વિસ્તાર સુધીની પહોંચને પુનઃ સ્થાપિત કરવા શક્ય બધા પ્રયત્નો કરાવા જોઈએ. આવા સંજોગોમાં, માનવ અધિકારોના જઘન્ય ઉલ્લઘનથી પ્રભાવિત સમુદાયોના સહાય માટે તંત્રની સ્થાપના થવી જોઈએ જેથી તેમના જીવનને ફરી ઉભું કરી શકાય અને મહિલાઓના ભોગવટાના અધિકાર વિરુદ્ધના દરેક ચલણને નાબુદ કરવું જોઈએ.

## ખ. ટકાઉ સંશાધન વ્યવસ્થાપન

મત્સ્ય સંશાધનના ટકાઉ ઉપયોગ અને લાંબાગાળાના સંરક્ષણ માટે પગલા લેવા જોઈએ જેમાં નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગની જરૂરિયાતો અને તકોને પૂરતી માન્યતા આપવી જોઈએ. હક્કો અને જવાબદારીઓ સાથે જ હોય છે. ભોગવટાના અધિકારને સંરક્ષણ અને ટકાઉ ઉપયોગ તરફેની ફરજો તરફે ધ્યાન આપી સંતુલિત કરી શકાય છે.

નાના-પાયાના મત્સ્ય ઉધોગે પર્યાવરણ અને સંબંધિત પ્રજાતિઓને નુકશાન ન થાય એવી પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગની સંશાધન વ્યવસ્થાપન તરફેની જવાબદારીને સમર્થન આપવું જોઈએ. રાજ્યએ વ્યવસ્થાપનના નિયમોને બનાવવા અને લાગુ કરવાની પ્રક્રિયામાં સમુદાયનો સમાવેશ કરવો જોઈએ જેમાં મહિલા અને અન્ય નિર્બળ સમૂહોનોની સમાન સહભાગિતા હોય. રાષ્ટ્રીય કાયદાઓના કાર્યક્ષેત્રમાં રહી રાજ્યએ સહભાગી વ્યવસ્થાપન તંત્રને પ્રોત્સાહન આપવું જોઈએ.

રાજ્ય એ દેખરેખ, નિયંત્રણ અને જાપ્તો રાખવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ અને નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને લાગુ પડે અને યોગ્ય હોય એવા તંત્રની રચના કરવી જોઈએ. રાજ્યનો હેતુ દરેક ગેરકાયદેસર અને નુકશાનકારક માછીમારીની પ્રથાને નાથવું, અને દુર કરવું હોવું જોઈએ. અને નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગે દેખરેખ, નિયંત્રણ અને જાપ્તો રાખવાના તંત્રને સહયોગ આપવો જોઈએ અને અધિકારીઓને વ્યવસ્થાપન માટે જરૂરી માહિતી પણ પૂરી પડવી જોઈએ.

રાજ્યે એ સહ-વ્યવસ્થાપનની જોગવાઈઓ સંબંધી દરેક પક્ષકારની ભૂમિકા અને જવાબદારીઓને, કાયદાકીય રીતે યોગ્ય પ્રક્રિયાઓ દ્વારા સ્પષ્ટ કરવું જોઈએ.

સંબંધિત સ્થાનિક અને રાષ્ટ્રીય વ્યવસાયિક સંઘઠનોમાં પ્રતિનિધિત્વ હોવું જોઈએ અને મત્સ્ય ઉદ્યોગને લગતા નિર્ણયો અને નીતિઓ ઘડવાની પ્રક્રિયામાં સક્રિય ભાગ લેવો જોઈએ.

સહ-વ્યવસ્થાપનને પ્રોત્સાહિત કરતા સમયે, રાજ્ય અને નાના-પાયાના માછીમારોએ માછલી લણવામાં, અને તેના પહેલા અને પછીની પ્રક્રિયાઓમાં રોકાયેલ મહિલા અને પુરુષ બંનેને સહાયક થવું જોઈએ જેથી તેમના જ્ઞાન, અભિગમ અને જરૂરીયાતો તરફે ફાળો આપી શકાય.

સરહદી સહયારા પાણી અને સંશાધનોના સંબંધમાં રાજ્યએ નાના-પાયાના માછીમાર સમુદાયના ભોગવટાના અધિકારને સંરક્ષિત કરવું જોઈએ.

રાજ્ય એ એવી નીતીઓ અને નાણાકીય પગલાઓ તાળવા જોઈએ જેથી ક્ષમતા બાહરની માછીમારીને પ્રોત્સાહન મળે અને વધુ પડતી માછીમારી થાય અને નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને આડ અસર થાય.



# ૬. સામાજિક વિકાસ, રોજીરોટી અને યોગ્ય કામ

દરેક લાભાર્થીએ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગના વિકાસ અને વ્યવસ્થાપન માટે સર્વગ્રાહી અભિગમ રાખવો જોઈએ. રાજ્ય એ સ્વાથ્ય, શિક્ષણ, શાક્ષરતા, તકનિકી સમાવેશ અને અન્ય તકનિકી કૌશલના ક્ષેત્રમાં નિવેશને પ્રોત્સાહન આપવું જોઈએ.

રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉધોગ સાથે સંકળાયેલ દરેક કામદાર માટે સામાજિક સુરક્ષાની યોજનાઓને પ્રોત્સાહન આપવું જોઈએ. રાજ્યએ બચત, ધિરાણ અને વીમાના ક્ષેત્રના વિકાસ માટે સહાય કરવી જોઈએ અને આ સેવાઓ સુધી મહિલાની પહોંચ અને  સમાવેશ ઉપર ભાર આપવો જોઈએ.

નાના-પાયાના મત્સ્ય ઉધોગને લગતી દરેક પ્રવૃત્તિને આર્થિક અને વ્યવસાયિક કામગીરી ગણાવી જોઈએ.

રાજ્યએ દરેક માટે યોગ્ય કામને પ્રોત્સાહિત કરવું જોઈએ.

રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉધોગ અને માછીમાર કામદારો યોગ્ય જીવન ધોરણના અધિકારને મેળવી શકે માટે ખાતરી આપવી જોઈએ. રાજ્યએ વ્યાપક, ભેદભાવ-વિહીન, મજબુત આર્થિક નીતિઓ લાગુ કરવી જોઈએ જેથી કામદાર તેની મજુરી, મૂડી અને વ્યવસ્થાપનથી યોગ્ય વળતર મેળવી શકે. રાજ્ય અને અન્ય પક્ષકારોએ વૈકલ્પિક આવક ઉત્પન્ન કરતી તકોને પ્રોત્સાહન આપવું જોઈએ. નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ માટે પરિસ્થિતિ ઉત્પન્ન કરવી જોઈએ જેથી સમુદાય માછીમારી સંબંધી પ્રવૃત્તિ કરી શકે.

સ્થળાંતર એ રોજગારી માટેની સામાન્ય વ્યૂહરચના છે. રાજ્યએ માછીમાર સમુદાય દ્વારા સરહદપારના સ્થળાંતર માટેના કારણો અને પરિણામોને શોધી તેમનો નિરાકરણ લાવવો જોઈએ.

રાજ્યએ વ્યવસાયિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને કામને લગતી અયોગ્ય પરિસ્થિતિનું નિરાકરણ લાવવું જોઈએ. રાજ્યએ વેઠ પ્રથા અને બંધુઆ મજદુરીને દુર કરવા તરફ પ્રયત્નો કરવા જોઈએ.

રાજ્યએ બાળકોની સુખાકારી અને ભવિષ્ય માટે સ્કુલ અને શિક્ષણ સુવિધા પૂરી પાડવી જોઈએ.

દરિયા મધ્યની અને આંતર-દેશીય પાણી સંબંધી સુરક્ષાની જટીલતા અને તેના પાછળના અનેક કારણોને દરેક પક્ષકાર દ્વારા માન્યતા અપાવી જોઈએ.

નાના-પાયાના મત્સ્ય ઉધોગની સુરક્ષા અને વ્યવસાયીક સ્વાસ્થ્યને લગતી બાબત મત્સ્ય ઉધોગના સામાન્ય વ્યવસ્થાપનનો ભાગ હોવી જોઈએ.

સશસ્ત્ર સંઘર્ષના કિસ્સામાં રાજ્ય એ નાના-પાયાના મત્સ્ય ઉધોગના હિતધારકોના માનવ અધિકારો અને સમ્માનની રક્ષા કરવી જોઈએ.

# ૭. મુલ્ય સાંકળો, લણણી પછીની પ્રવૃત્તિ અને વેપાર

નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને લગતી લણણી પછીની પ્રવૃત્તિઓ માટેના પેટા –વિભાગની મહત્વની ભૂમિકાને દરેક પક્ષકાર દ્વારા માન્યતા મળવી જોઈએ. લણણી પછીની પ્રવૃત્તિઓ માટેના પેટા–વિભાગમાં મહિલાઓ મુખ્ય ભૂમિકા નિભાવે છે એ બાબતને દરેક પક્ષકાર દ્વારા માન્યતા મળવી જોઈએ.

રાજ્યએ યોગ્ય આધારભૂત- માળખું, સંસ્થાકીય માળખું અને લણણી પછીની પ્રવૃત્તિઓ માટેના પેટા – વિભાગના વિકાસ માટે નિવેશ પૂરું પડવું જોઈએ.

માછલી પકડનાર અને માછીમાર કામદારોના પારંપરિક સમુહોને માન્યતા મળવી જોઈએ.

રાજ્યએ સ્થાનિક, રાષ્ટ્રીય, ક્ષેત્રીય અને આંતર્રાષ્ટ્રીય બજારોમાં નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગની પેદાશના ન્યાયિક અને ભેદભાવ રહિત વેપારની તકોને પ્રોત્સાહન આપવું જોઈએ. આંતર-રાષ્ટ્રીય મત્સ્ય વેપારને પ્રોત્સાહનથી લોકો કે જેઓ માટે માછલી એક બિન-ખર્ચાળ અને ભોજનનો અભિન્ન અંગ હોય અને તેમના સંપૂર્ણ પોષણ માટે જરૂરી હોય ને આડ અસર ન થવી જોઈએ.

બજાર માંગથી પ્રેરિત મત્સ્ય સંશાધનના વધારે પડતા શોષણને રોકવા માટે આંતર- રાષ્ટ્રીય વેપારના લાભોને ન્યાયિક રીતે વહેંચવા જોઈએ અને અસરકારક મત્સ્ય વ્યવસ્થાપન તંત્રની સ્થાપના થવી જોઈએ.

પર્યાવરણીય, સામાજિક સાથે અન્ય સંબંધિત મુલ્યાન્કનો, નીતિઓ અને પ્રક્રિયાઓનો અભિન્ન અંગ હોવું જોઈએ જેથી આંતરરાષ્ટ્રીય વેપારના કારણે નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગના પર્યાવરણ, સંસ્કૃતિ, અન્ન સુરક્ષા અને રોજગારીને થતી આડઅસરને રોકી શકાય અને તેને ન્યાયિક રીતે સંબોધી શકાય.

રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉધોગના હિતધારકો ને બજાર અને વેપારને લગતી સમયસરની અને સચોટ માહિતી મળી રહે માટે વ્યવસ્થા કરવી જોઈએ.

# ૮. લિંગ સમાનતા

નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગના વિકાસની વ્યૂહરચનામાં લિંગ સમાનતાને મુખ્ય ધારામાં લાવવું કેન્દ સ્થાને હોવું જોઈએ. રાજ્ય દ્વારા આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોના કાયદાઓ અને કરારો કે જેઓના તે પક્ષકાર છે હેઠળ મહિલાને લગતા મુદ્દાઓને લગતી પોતાની ફરજોનું પાલન કરાવું જોઈએ.

મહિલાઓ સાથે થતા ભેદભાવને દુર કરવા માટે ખાસ પગલાઓ લેવા જોઈએ. નવી નીતિઓ અને કાયદાઓની રચના કરી લિંગ સમાનતાને હાંસલ કરવું જોઈએ અને જે નીતિઓ અને કાયદાઓ આ હેતુના વિરુદ્ધમાં હોયમાં બદલાવ લાવવો જોઈએ.

મહિલાઓના સ્તર અને લિંગ સમાનતામાં સુધારો લાવવા માટે કાયદાઓ, નીતિઓ અને પગલાઓની અસરોના આંકલન માટે તંત્ર વિકસિત કરવું જોઈએ.

મહિલાઓના કાર્યોને સંબંધિત યોગ્ય પ્રૌધોગિકીનો વિકાસ કરવો.



# ૯. આપત્તિ જોખમ અને પર્યાવરણ પરિવર્તન

પર્યાવરણ પરિવર્તનને રોકવા માટે તત્કાલિક અને મહત્વકાંક્ષી પગલાઓની જરૂર છે. નાના ટાપુઓ ઉપર રેહતા નાના-પાયાના માછીમાર સમુદાયના જીવન ઉપર ખાસ ધ્યાન અપાવું જોઈએ. એક સંકલિત, સર્વગ્રાહી સર્વ- વિભાગીય સહયોગની જરૂર છે. અનુકુલન, શમન અને સહાય માટેની યોગ્ય યોજનાઓ ઉપલબ્ધ હોવી જોઈએ.

નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને અસર કરતી માનવ સર્જિત આપત્તિઓના સંજોગોમાં કસુરવાર પક્ષકારને જવાબદાર ઠેરવવા જોઈએ. લણણ પછીની અને વેપાર સબંધી પ્રવૃત્તિઓ ઉપર પર્યાવરણ પરિવર્તનની અસરને ધ્યાનમાં લેવું જોઈએ. આપત્તિ અને પુનઃસ્થાપનના કિસ્સામાં “વધુ વ્યવસ્થિત પુનઃ વિકાસ”ના નિયમને લાગુ કરવું જોઈએ. દરેક પ્રવૃત્તિના સંબંધમાં ઉર્જા કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવું જોઈએ.



# ૧૦. નીતિ સુસંગતા, સંસ્થાકીય સહ સમન્વતા અને સહયોગ

નાના-પાયાના માછીમાર સમુદાયોના સર્વગ્રાહી વિકાસ માટે રાજ્યએ નીતિ સુસંગતાની જરૂરને સ્વીકારી તે તરફે કાર્ય કરવું જોઈએ.

કાંઠા વિસ્તારના વ્યવસ્થાપન સંબંધી નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગના હિત અને ભૂમિકાને ધ્યાને રાખી રાજ્ય દ્વારા અવકાશીય યોજનાનો અભિગમ વિકસિત કરી વપરાશમા લેવો જોઈએ.


રાજ્યએ દરિયાઈ અને આંતર-દેશીય જળ સંશાધન અને ઇકોસિસ્ટમને અસર કરતી નીતિઓમાં એકસુત્રતા આવે એવા નીતિગત પગલા લેવા જોઈએ.

મત્સ્ય ઉદ્યોગની નીતિઓ દ્વારા ટકાઉ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ માટેની લાંબા ગાળાની વ્યૂહરચના વ્યક્ત થવી જોઈએ.

સરકારી સત્તાધીકરીઓ અને નાના-પાયાના માછીમાર સમુદાયની સંસ્થાઓ વચ્ચે સ્પષ્ટ સંપર્ક બિંદુઓ હોવા જોઈએ.

નાના-પાયાના મત્સ્ય ઉધોયના હિતધારકોએ તેઓની સંસ્થાઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવું જોઈએ.

રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગના અસરકારક વ્યવસ્થાપન માટે સ્થાનિક શાસનના માળખાને પ્રોત્સાહન આપવું જોઈએ. ટકાઉ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગને સંરક્ષિત કરવા માટે આંતર્રાષ્ટ્રીય, ક્ષેત્રીય અને પેટા-ક્ષેત્રીય સહયોગની જરૂર છે.



# ૧૧. માહિતી, સંશોધન અને દુરસંચાર

રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગના ટકાઉ વ્યવસ્થાપનને લગતા જરૂરી નિર્ણયો લેવા માટે માહિતી એકત્રીકરણ કરવા પારદર્શક રીતે તંત્રની રચના કરવી જોઈએ. અસરકારક નિર્ણય પ્રક્રિયા માટે દુરસંચાર અને માહિતીની જરૂર હોય છે. રાજ્યએ ભ્રષ્ટાચારને દુર કરવા માટે, પારદર્શિતાને વધારવા માટે પ્રયત્નો કરવા જોઈએ અને નિર્ણય સત્તા ધરાવનારને જવાબદાર ઠેરવવા જોઈએ.

નાના-પાયાના માછીમાર સમુદાયો જ્ઞાન ધરાવનાર, મેળવનાર અને આપનાર છે. જવાબદાર નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ અને ટકાઉ વિકાસ માટે જરૂરી અને સંબંધિત મહિતી ઉપલબ્ધ કરાવવી જોઈએ. નાના-પાયાના માછીમાર સમુદયોનું જ્ઞાન, સંસ્કૃતિ, પરંપરાઓ અને પ્રોદ્યોગિકીને માન્યતા આપી તેનું દસ્તાવેજીકરણ કરવું જોઈએ.

રાજ્યએ નાના-પાયાના માછીમાર સમુદાયોને સહાય આપવી જોઈએ – ખાસ કરીને સ્થાનિક લોકો અને મહિલાઓને – કે જેઓ જીવન માટે માછીમારી ઉપર નિર્ભર કરે છે. સામુદાયિક, રાષ્ટ્રીય અને ઉચ્ચ સ્તરે હાલની તારીખે અસ્તિત્વ ધરાવતા યોગ્ય મંચ અને નેટવર્કનો ઉપયોગ માહિતીના સંચાર અને આદાન -પ્રદાન માટે થવું જોઈએ.

રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ સંબંધી સંશોધન માટે નાણા ઉપલબ્ધ કરાવવા જોઈએ અને માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણને સુસંગત અને સહભાગી બનાવવા પ્રોત્સાહન આપવું જોઈએ.

રાજ્યએ વિવિધ ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહન આપવું જોઈએ, જેથી લિંગ આધારિત સમાનતાને પ્રોત્સાહન આપી શકાય અને મત્સ્ય ઉદ્યોગમાં મહિલા અને પુરુષને ન્યાયિક રીતે લાભ મળી રહે માટેની વ્યૂહરચના ઘડી શકાય. નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગની ભૂમિકાને માન્યતા આપવા, અને માછલીના પોષકક્ષમ તત્વો વિષે જાગૃતિ લાવવા, રાજ્યએ ગ્રાહક જાગૃતિ કાર્યક્રમો હેઠળ માછલીને ભોજનમાં સમાવેશ કરવા બાબતે પ્રોત્સાહન આપવું જોઈએ.

# ૧૨. ક્ષમતા વિકાસ

નિર્ણય પ્રક્રિયામાં સહભાગિતાની ક્ષમતામાં વધારો કરવો જોઈએ.

રાજ્યએ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગનું બજારની તકોના લાભ મેળવવા માટેનું ક્ષમતા વર્ધન કરવું જોઈએ.

ક્ષમતા વર્ધન બે બાજુથી થવું જોઈએ. ટકાઉ વિકાસને સહાયક થવા અને સહ-વ્યવસ્થાપનની સગવડો માટે જ્ઞાન અને કૌશલનો વિકાસ કરવો જોઈએ.



# ૧૩. અમલીકરણ માટે સહાય અને દેખરેખ


દરેક પક્ષકારને એસ.એસ.એફ. માર્ગદર્શિકાના અમલીકરણ માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

યુનાઈટેડ નેશન્સ  અને તેની ખાસ એજેન્સીઓએ રાજ્યો કે જે સ્વૈચ્છિક રીતે આ માર્ગદર્શિકાના અમલીકરણના પ્રયત્નો કરે છેને મદદરૂપ થવું જોઈએ.

રાજ્યો અને અન્ય પક્ષકારોએ માર્ગદર્શિકા પ્રત્યે જાગૃતિ લાવવા સાથે મળી કાર્ય કરવું જોઈએ અને તેના સરળ અનુવાદિત આવૃત્તિઓની વહેંચણી કરવી જોઈએ.

દેખરેખ રાખવા માટેના તંત્રના મહત્વને માન્યતા આપવું જોઈએ. નાના-પાયાના માછીમાર સમુદાયોના યોગ્ય પ્રતિનિધિઓને માર્ગદર્શિકાના અમલીકરણ માટેની વ્યૂહરચનાના વિકાસ અને અમલીકરણ અને દેખરેખ માટેની પ્રક્રિયામાં શામેલ કરવા જોઈએ.

એફ.એ.ઓ દ્વારા વૈશ્વિક સહાય કાર્યક્રમને મદદરૂપ થવું જોઈએ અને તેને પ્રોત્સાહન આપવું જોઈએ.





અન્ન સુરક્ષા અને ગરીબી ઉન્મુલનના સંદર્ભમાં ટકાઉ નાના-પાયાના મત્સ્ય ઉદ્યોગ માટેની સ્વૈચ્છિક માર્ગદર્શિકાનું સંપૂર્ણ લખાણ http://www.fao.org/fishery/topic/18240/en ઉપર ઉપલબ્ધ છે.



**ઇન્ટરનેશનલ કલેકટીવ ઇન સપોર્ટ ઓફ ફીશ વર્કર્સ (ICSF)**
૨૭ કોલેજ રોડ ચેન્નાઈ ૬૦૦ ૦૦૬, ભારત

ISBN 978 93 80802 53 4